Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-16, Issue-3, December-2022
www.researchguru.net

# મધ્ય ગુજરાતના નાયક આદિવાસીઓમાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ

**(ઈ.સ. ૧૯૧૫ થી ૧૯૪૭)**

**ચૌધરી મહેશકુમાર વેલજીભાઈ**

પીએચ.ડી. સ્ટુડન્ટ, ઈતિહાસ વિભાગ,ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ

***સારાંશ :***

*ઈ.સ. ૧૯૧૫માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પરત આવ્યા અને દેશભરમાં વિવિધ આંદોલનો અને પ્રવૃત્તિઓ આરંભી. ભારતના ગામે-ગામ જઈ ખાદી તેમજ અન્ય રચનાત્મક પ્રવૃતિઓ કરવા માટે તેઓ પ્રેરણાબળ બન્યા. ગુજરાતના છેવાડાના વિસ્તારોમાં વસવાટ કરતા આદિવાસીઓને ગાંધીજી ભૂલ્યા નહોતા. ગાંધીજી પાસેથી પ્રેરણા લઈને અનેક રચનાત્મક કાર્યકરો આ સેવા યજ્ઞમાં જોડાયા. ગુજરાતમાં વસવાટ કરતી નાયક આદિવાસી કોમ અને તેમની સાથે બારૈયા (બારિયા) કોમના ઉત્થાન માટે વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ તેમજ પરિષદો કરવામાં આવી હતી. ખાસ કરીને ઈ.સ.૧૯૧૫થી લઈને ૧૯૪૭ સુધીના સમયમાં મધ્ય ગુજરાતમાં વસવાટ કરતા નાયક આદિવાસીઓ માટે કેવા-કેવા પ્રકારની પ્રવૃત્તિઓ થઇ હતી તેના વિશે પ્રસ્તુત શોધપત્રમાં ચર્ચા કરવામાં આવી છે.*

***ચાવીરૂપ શબ્દો :*** *રચનાત્મક પ્રવૃત્તિઓ, ખાદી, કાંતણ-વણાટ, ગ્રામોદ્યોગ*

---

**પૂર્વભૂમિકા અને ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓની સંકલ્પના :**

રચનાત્મક કાર્યક્રમો સદર્ભે મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, "પૂર્ણ સમાજ રચનાની દ્રષ્ટિથી મહત્વની હોય તેવી કોઈ બાબત આ રચનાત્મક કાર્યક્રમમાં સમાવવામાં આવી નથી એમ વાચકોને લાગે તો તેમણે એમ ન માની લેવું જોઈએ કે જાણી જોઇને પડતી મૂકવામાં આવી છે. એવી કોઈ બાબત સૂઝે તો વાચકે બેધડક મેં ગણાવેલી બાબતોમાં તેને ઉમેરી લેવી ને મને ખબર આપવી. મેં જે યાદી બનાવી છે તેમાં રચનાત્મક કાર્યની એક-એક બાબત આવી જાય છે એવો મારો દાવો નથી, મારી યાદી કેવળ દાખલારૂપે છે. વાચક જોશે કે આ આવૃત્તિમાં મેં પોતે કેટલીક નવી બાબતો અસલ યાદીમાં ઉમેરી છે."[૧] આ બાબતમાં આપણે ગાંધીજીનો રચનાત્મક કાર્યક્રમ પ્રત્યેનો પ્રેમ જોઈ શકાય છે.

રચનાત્મક પ્રવૃત્તિઓ પરત્વે ડૉ. કમલેશ પટેલ પોતાના ગ્રંથ "દક્ષિણ ગુજરાતમાં ગાંધીવાદી સંસ્થાઓની રચનાત્મક પ્રવૃત્તિઓ (ઈ.સ. ૧૯૨૧ થી ૧૯૭૩ સુધી)"માં જણાવે છે તેમ, "અહિંસક ક્રાંતિની પ્રક્રિયાની શોધમાંથી રચનાત્મક કાર્યક્રમનો જન્મ થયો. સમગ્ર રાષ્ટ્રનું

ઠેઠ પાયામાંથી ઘડતર કરી સત્ય અને અહિંસાને માર્ગે સ્વરાજ મેળવવા રચનાત્મક કાર્યક્રમનાં જુદા - જુદા અંગો કાર્યકરો અને દેશવાસીઓ સમક્ષ ગાંધીજીએ મૂકયા. પ્રવર્તમાન આર્થિક વિષમતાના નિરાકરણ માટે એમણે ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત રજૂ કર્યો અને તે અનુસાર આપણી બુદ્ધિશક્તિ, શ્રમશક્તિ અને સંપત્તિને સૌના હિતમાં ઉપયોગમાં લેવાનો અનુરોધ કર્યો. પરિવર્તનની પ્રક્રિયારૂપ સત્તા અને સંપત્તિના વિકેન્દ્રિકરણની વાત કરી. અહિંસક સમાજરચનાના અનુષ્ઠાન રૂપે તેમણે અઢારવિધ રચનાત્મક કાર્યક્રમો આપણી સમક્ષ રજૂ કર્યા."[૨]

મહાત્મા ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોની સાથો સાથ જોડાયેલી અન્ય વિશેષતાઓનો ઉલ્લેખ પણ ડૉ. કમલેશ પટેલ કરે છે. તેઓ વધુમાં જણાવે છે તેમ, "બાપુના જીવનમાં બે વાતો સૌથી મહત્વની છે : ( ૧ ) એકાદશવ્રતો ( ૨ ) રચનાત્મક કાર્યક્રમો. બાપુની એ વિશેષતા હતી કે એમણે જેમ એક તરફ ખંડનાત્મક એટલે કે બહિષ્કારને નિષેધના કાર્યક્રમો આપ્યા, તેમ સાથે સાથે આ દેશને બેઠો કરવા માટે અનેક રચનાત્મક કાર્યક્રમો પણ આપ્યા."[3]

રમણ મોદી ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોની જે યાદી પોતાના ગ્રંથમાં નીચે મુજબ આપે છે.[૪]

૧. કોમી એકતા, ૨. અસ્પૃશ્યતા નિવારણ, ૩. દારૂબંધી, ૪. ખાદી, ૫. બીજા ગ્રમોદ્યોગો, ૬. ગ્રામ સફાઈ, ૭. નવી તાલીમ અથવા પાયાની કેળવણી, ૮. પ્રૌઢ શિક્ષણ, ૯. સ્ત્રીઓ, ૧૦. તંદુરસ્તીના નિયમોની કેળવણી, ૧૧. પ્રાંતિક ભાષાઓ, ૧૨. રાષ્ટ્રભાષા, ૧૩. આર્થિક સમાનતા, ૧૪. કિસાનો, ૧૫. મજૂરો, ૧૬. આદિવાસીઓ, ૧૭. રક્તપિત્તના રોગીઓ, ૧૮. વિદ્યાર્થીઓ

આમ, વિવિધ રચનાત્મક પ્રવૃતિઓ એ ગાંધીવાદી વિચારધારાના પ્રાણ સમાન કહી શકાય. તેમાંય ખાદીકામ દ્વારા અનેક લોકોના જીવનમાં પરિવર્તન આવ્યાં હતાં.

ખાસ કરીને આદિવાસીઓના સંદર્ભમાં રચનાત્મક કાર્યક્રમો બાબતમાં ગાંધીજીએ જણાવ્યું હતું કે, "આદિવાસીઓની સેવા પણ રચનાત્મક કાર્યક્રમનું એક અંગ છે. આ કાર્યક્રમનાં જુદાં જુદાં અંગો ગણાવતાં ગણાવતાં તેમનો વારો છેક સોળમો આવ્યો પણ તેમનું મહત્વ ઓછું સમજવાનું નથી. આપણો મુલક એટલો વિશાળ છે અને તેમાં વસ્તી જાતિઓ એટલી બધી ભાતભાતની છે કે આપણા દેશનાં સર્વ વતનીઓને તેમની દશા વિશે આપણામાંના સારામાં સારા લોકો પણ જેટલું જાણી લેવાની જરૂર છે તે બધું જાણવા ન પામે.... ઠક્કરબાપાએ ગુજરાતના ભીલોની સેવાનું કાર્ય વરસો પહેલાં શરૂ કરેલું. સાચે જ સેવાની ખેતીનો ફાલ બહોળો છે પણ તેના લણનારા થોડા છે અને એ વાતનો તો કોણ ઇનકાર કરશે કે આ જાતની બધી સેવા કેવળ માનવદયા પ્રેરિત સેવા નથી, પણ સંગીન રાષ્ટ્રસેવા છે અને આપણને પૂર્ણ સ્વરાજના ધ્યેયની વધારે ને વધારે નજદીક લઈ જાય છે."[૫]

ઉપરોક્ત શબ્દો પરથી કહી શકાય કે, આદિવાસીઓની સ્થિતિ વિશે ગાંધીજીને સવિશેષ ચિંતા હતી. તેઓના રચનાત્મક કાર્યક્રમમાં પણ આદિવાસીઓને સ્થાન આપી સમગ્ર દેશમાં તેઓએ એક વિશિષ્ટ ઝુંબેશ આરંભી હતી. તેમાં ગુજરાતના ઘણા બધા વિસ્તારો અને કાર્યકરો ગાંધી વિચારથી પ્રભાવિત થયા હતા. હવે જોઈએ મધ્ય ગુજરાતમાં ગાંધીજીએ આ બાબત પરત્વે કેવાં-કેવાં કાર્યો કરી આદિવાસી જનજીવનના ઉત્થાનમાં પ્રયત્નો કર્યા હતા.

**મધ્ય ગુજરાતમાં ખાદી પ્રવૃત્તિઓ** :

આદિવાસીઓમાં સવિશેષ ખાદીકામની પ્રવૃત્તિઓ થકી તેમનું જીવન ધોરણ સુધરવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. ખાદી વિશે ગાંધીજી કહેતા, "ખાદીનો વિષય ચર્ચાસ્પદ છે. ઘણા લોકોને એમ લાગે છે કે , ખાદીની હિમાયત કરવામાં હું સામે પવને હોડી હાંકવાની મૂર્ખાઈ કરું છું, તેથી આખરે સ્વરાજનું વહાણ ડુબાડવાનો છું ને દેશને પાછો અંધકારના જમાનામાં ધકેલી રહ્યો છું. આ ટૂંકા અવલોકનમાં મારે ખાદીની તરફેણની દલીલો કરવી નથી. એ દલીલો મેં બીજે પૂરેપૂરી કરેલી છે. અહીં તો દરેક મહાસભાવાદી અને આમ જૂઓ તો એકેએક હિંદી ખાદીકાર્યને આગળ વધારવાને શું કરી શકે તે જ બતાવવાનો મારો ઇરાદો છે. ખાદી એટલે દેશના બધા વતનીઓની આર્થિક સ્વતંત્રતા તેમ જ સમાનતાની શરૂઆત. પણ કોઈ વસ્તુ કેવી છે તે વાપરવાથી જણાય, ઝાડનું પારખું તેના ફળથી થાય. તેથી હું જે કંઈ કહું છું તેમાં સાચી વાત કેટલી છે તે દરેક સ્ત્રીપુરુષ જાતે અમલ કરીને શોધી લે. વળી ખાદીમાં જે જે બાબતો સમાયેલી છે તે બધી સાથે ખાદીનો સ્વીકાર કરવો જોઈએ. ખાદીનો એક અર્થ એ છે કે , આપણે દરેકે પૂરેપૂરી સ્વદેશી વૃત્તિ કેળવવી જોઈએ ને રાખવી જોઈએ; એટલે કે જીવનની સઘળી જરૂરિયાતો હિંદમાંથી અને તેમાંયે આપણાં ગામડાંઓમાં રહેનારી આમજનતાની મહેનત તથા બુદ્ધિથી નીપજેલી ચીજો વડે પૂરી કરી લેવાનો દૃઢ સંકલ્પ કરવો જોઈએ. અત્યારે આ બાબતમાં આપણો જે ક્રમ છે તે ઉલટાવી નાખવાની આ વાત છે. એટલે કે આજે હિંદુસ્તાનમાં સાત લાખ ગામડાંઓને ચૂસીને પાયમાલ કરી હિંદનાં તેમજ ગ્રેટ બ્રિટનનાં મળીને પાંચ-પંદર શહેરો ગબ્બર થાય તેને બદલે તે બધાં ગામડાંઓ સ્વાવલંબી તેમ જ સ્વયંસંપૂર્ણ થાય અને બન્ને પક્ષને લાભ થાય તે રીતે પોતાની ખુશીથી હિંદનાં શહેરોને અને બહારની દુનિયાનેયે ઉપયોગી થાય. આનો અર્થ એવો થાય છે કે આપણામાંથી ઘણાએ પોતાના માનસમાં તેમજ રુચિમાં ધરમૂળથી પલટો કરવો જોઈશે. અહિંસાનો રસ્તો ઘણી બાબતોમાં બહુ સુતરો છે તો વળી બીજી ઘણી બાબતોમાં બહુ કપરો છે."[૬]

આમ, ગાંધીજીને મન ખાદી એ આર્થિક, સામાજિક વગેરે તમામ ક્ષેત્રોમાં વ્યક્તિને લાભકારક છે. વધુમાં બ્રિટીશ ગુલામી વેળાએ તેનો અહીસાત્મક પ્રતિકાર કરવા માટે ખાદી એ ઉમદા માધ્યમ ગણાતું. ખાદી બાબતે ડૉ.રાજેન્દ્રપ્રસાદ નોંધે છે, ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પાછા ફર્યા ત્યારથી ખાદી પ્રજાની નજર આગળ આવેલી છે. તેને વિશે એટલું બધું લખાયું છે ને એને લગતું એટલું બધું

કામ થયું છે કે તેની આવશ્યકતા ને તેના લાભ વિશે વિસ્તારથી લખવાની જરૂર રહેતી નથી. હાથકાંતણ અને હાથવણાટ તથા તેને લગતી બીજી ક્રિયાઓને સજીવન કરવાની હિલચાલનું મંડાણ હિંદુસ્તાનના જીવનની બે મુખ્ય હકીકતો પર થયેલું છે. હિંદુસ્તાનની વસ્તીનો ૮૦ ટકા ભાગ કાં તો ખેતીનું કામ કરે છે અથવા તેના પર આધાર રાખે છે ; પણ ખેતીમાં ખેડૂતનો આખો સમય રોકાતો નથી, તેની પાસે પુષ્કળ ફુરસદ રહે છે, ને તે વખત કોઈ આડધંધામાં રોકાય તો તેથી લાભ થાય. કાંતણ ને વણાટ એ ગરજ સારે છે, ગ્રામવાસીનાં વસ્ત્રોના સવાલનો ઉકેલ આણે છે, એટલું જ નહીં પણ તેની ટૂંકી આવકમાં ઠીક ઠીક ઉમેરો પણ કરે છે. જેમને બીજા કોઈ પણ ધંધામાં વધારે કમાણી થતી હોય તેમણે પોતાનું એ કામ છોડીને કાંતણકામ કરવા મંડવું એમ તો કોઈએ કદી કહ્યું નથી. કાંતણ એ મુખ્યત્વે આડધંધો છે."[૭] ટૂંકમાં આવાં સૂચનો થકી પણ દેશભરમાં જેમ ખાદી અને કાંતણની પ્રવૃત્તિઓ થઇ હતી તેમ મધ્ય ગુજરાતમાં પણ ગાંધીજીએ આ બાબતે હાકલ કરી હતી.

ગાંધીજીનો અક્ષરદેહમાં (ભાગ-૨૫), પ્રકરણ-૪૦૭, 'પંચમહાલમાં ગાંધીજી'માં ગાંધીજીએ જણાવ્યું હતું કે, "કોઈ ગુજરાતી કાંતવાના ઠરાવમાં કરેલી નાખુશીને માટેની છૂટનો લાભ લેનાર હોય એવું જોવા નથી ઇચ્છતો એ ઉદ્ગાર ગાંધીજીનાં વચનોમાં જ્યાં ત્યાં નીકળ્યા કરતા હતા. દાહોદની એક જાહેર સભામાં તેઓ બોલેલા : "મને ઈશ્વરે યરવડા જેલમાંથી ભયંકર માંદગીને કારણે મુક્ત કરાવ્યો તેમાં હું કોઈ ભારે સંકેત જોઉં છું. હું દેશમાં બધે ફરી અન્નપૂર્ણાની – રેંટિયાની વાતો કરું અને એનો સાર્વત્રિક પ્રચાર કરું એ માટે તેણે મને છોડયો લાગે છે. હિંદુસ્તાન હજી કાંતવાનો સંદેશો ન સાંભળે તો ભૂખમરો વધવાનો છે. દાહોદ, મુંબઈ થઈ જાય , તેમાં બેપાંચ જણ લક્ષાધિપતિ થાય તો હું રાજી ન થાઉં. સૌને ખાવાપીવાનો અને કપડાં પહેરવાનો હક છે , પણ કોઈને ધન મેળવી ધનિક થવાનો હક નથી. દાહોદની અંદર ચારપાંચ જણ શાહુકાર થાઓ એ હું નથી ઇચ્છતો, પણ ખાદી જેમ ઘી વેચીએ છીએ તેવી રીતે વેચી શકીએ અને સિક્કા અને ટપાલની ટિકિટની જેમ તે જ્યાં જોઈએ ત્યાં મળતી થાય એ ઇચ્છું છું."[૮]

ખાદીકામ પરત્વે કાંતણની ગંભીરતા ઉપરોક્ત પત્ર દ્વારા ગાંધીજી વ્યક્ત કરે છે. સમય જતાં પંચમહાલમાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓનો પગપેસારો થાય છે અને મધ્ય ગુજરાતના પંચમહાલના હાલોલ પાસે રામેશરા મુકામે એક ખાદી આશ્રમની સ્થાપના થાય છે. તેમાંય ખાસ કરીને નિમ્ન આર્થિક સ્થિતિ ધરાવતા નાયક આદિવાસીઓમાં ખાદીકામની પ્રવૃત્તિઓ દ્વારા તેમનું સામાજિક ઉત્થાન લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તેની વિસ્તૃત રૂપરેખા આ મુજબ આપી શકાય.

**નાયક આદિવાસીઓમાં રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા સમાજ પરિવર્તન :**

ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ, મહાત્મા ગાંધીજીએ સમગ્ર દેશમાં વિવિધ રચનાત્મક કાર્યક્રમો દ્વારા સ્વદેશીનો મંત્ર આપ્યો હતો. તેમાં ખાદી પ્રવૃત્તિ એક નોંધપાત્ર કાર્ય હતું. મધ્ય ગુજરાતના નાયક આદિવાસીઓમાં ૧૮૬૮ પછી

આવેલ અનેકવિધ પરિવર્તનોમાં ખાદી પ્રવૃત્તિ દ્વારા તેઓની આર્થિક સદ્ધરતા વધારવા માટેના યથાયોગ્ય પ્રયત્નો થયા હતા.

ડૉ. અરુણ વાઘેલાએ નોંધ્યું છે, "ગાંધીવાદી ખાદી પ્રવૃત્તિઓ વસ્ત્રસ્વાવલંબન, આત્મગૌરવ અને આત્મપ્રતિષ્ઠાની સાથે અર્થકારણને સજીવન કરવાનું લક્ષ્ય ઈચ્છતી હતી. પંચમહાલ મોટે ભાગે ગામડાંઓનો બનેલો જિલ્લો હતો. અહીં ખાદી અને તેને સહાયક ઉધોગોએ ગ્રામીણ અર્થકારણ આપેલ વિકસિત કરવામાં આપેલા પ્રદાનને હવે વિગતવાર જોઈએ. પંચમહાલમાં ખાદી પ્રવૃત્તિનો ઉદય અને વિકાસ ત્રણ સ્તરે થયેલો જોઈ શકાતો હતો.

૧. વૈચારિક ભૂમિકાએ ખાદીનું આર્થિક સ્વાવલંબન અને રાષ્ટ્રધર્મ સાથે અનુસંધાન.

૨. ખાદી સંમેલનો, જ્ઞાતિ પરિષદોમાં પવિત્રતા સ્તરે ખાદીનો સ્વીકાર અને પ્રચાર.

૩. ખાદી કાંતણ-વણાટ અને વેચાણ કેન્દ્રોની સ્થાપના, ગ્રામોદ્યોગનો વિકાસ."[૯]

અરુણ વાઘેલા વધુમાં જણાવે છે તેમ, "રચનાત્મક પ્રવુતિઓનું અનુસંધાન જ્ઞાતિ પરિષદો સાથે પણ રહેતું. સદીઓથી ભારતીય સમાજમાં જ્ઞાતિ એક શક્તિશાળી સામાજિક સંસ્થા રહી હતી. જ્ઞાતિ પરિષદના મંચ પરથી ખાદી પ્રચારની અસરને કાર્યકર્તાઓ અનુભવી શકતા હતા. આવી ત્રણ પરિષદોની કાર્યવાહી ઉલ્લેખનીય છે. ૨૯-૫-૧૯૨૯ના રોજ બીજી નાયક પરિષદમાં 'પરદેશી કાપડ ખરીદવું એ પાપ છે એમ માની કોઈએ પરદેશી કાપડ ખરીદવું નહિ અને ત્યાં સુધી જાતે જ કાંતી, પીજી કપડાં બનાવી લેવા' એવો ઠરાવ કરવામાં આવ્યો હતો. અતિ પછાત નાયક લોકોમાં કે જ્યાં શિક્ષણ અને સંસ્કારોને પણ કોઈ અવકાશ ન હતો ત્યાં ગાંધીવાદી ખાદીની વાત કરવી અને ઠરાવવું એ જ મોટી સફળતા હતી. દાહોદના વણકર સમાજનો ખાદી પ્રત્યે ઉમળકાભેર પ્રતિસાદ રહ્યો હતો. પરંપરાથી વણકરના વ્યવસાય સાથે સંકળાયેલા દાહોદના વણકરોના પંચે સ્વદેશી ભંડાર માટે કાપડ વણવા સુતર લઇ તેનું નિષ્ઠાપૂર્વક વણાટકામ કરી આપવાની કબુલાત આપી હતી. ૧૭ જેટલા લોકોએ આ સભામાં સ્વદેશીવ્રત લીધું હતું. નાયક અને વણકર જ્ઞાતિ જેવો જ પ્રયાસ બારિયા જ્ઞાતિનો પણ હતો. પહેલી બારિયા પરિષદે (પાવાગઢ) ઠરાવેલું કે, "કોઈએ પરદેશી કાપડ ખરીદવું નહી પણ ખાદી વાપરવી અને બને તેટલું કાપડ ઘરમાં પેદા કરીને પહેરવું તેને માટે નવરાશના વખતે પીંજવું, કાંતવું અને બની શકે તો વણવું." આમ જ્ઞાતિ પરિષદોના સહારે ખાદી જેવી આર્થિક સ્વાયત્તતાની પ્રવૃત્તિઓ છેવાડાના લોકો સુધી પહોંચતી."[૧૦]

પંચમહાલમાં તેનું ઉમદા ઉદાહરણ રામશેરા (હાલોલ તાલુકો) ગામ બન્યું હતું. ત્યાં પ્રખર ગાંધીવાદી લક્ષ્મીદાસે પોતાનો કરોડોનો ધંધો અને મિલકતો છોડી ધૂણી ધખાવી હતી. ગાંધીજી પાસેથી મળેલી સીધી તાલીમ, ગાંધી પ્રભાવ અને રચનાત્મક પ્રવૃત્તિઓના મૂળ ઘણા ઊંડા નંખાયા હતા. રામશેરામાં તેમણે કપાસ ઉઘાડવાથી લઈ કપડાં તૈયાર કરવા સુધીનું ખાદી શિક્ષણ ઊભું કર્યું હતું. ખેડૂત કપાસ પોતાના ઘરે લોઢી મજૂરી અને બીજ પોતાની

પાસે રાખી શકે. રામશેરામાં ૨૦૦ ફૂટ લંબાઈનું વણાટશાળાનું મકાન પોતાના ખર્ચે બાંધ્યું હતું. ખાદી વિધાને ઉપકારક થાય તેવા પીજણ મોઢીયું, રૂ પીંજવાનું યંત્ર વગેરે તેમણે શોધ્યા હતા. લક્ષ્મીદાસની ખાદી ભક્તિને લીધે રામશેરા આશ્રમની ખાસ ઓળખાણ "ખાદી આશ્રમ" તરીકે ઊભી થઇ હતી. જેની નોંધ જિલ્લા ઉપરાંત રાજ્યસ્તરથી ખાદી પ્રવૃતિઓમાં લેવાતી. શ્રી લક્ષ્મીદાસ શ્રીકાંત નોંધ્યું છે કે, "શ્રી લક્ષ્મીદાસભાઈએ પોતાની મઢી રામેશ્વરામાં નાંખી અને રામરાજ્યની સ્થાપનાના સ્વપ્ને ત્યાં ખાદીની ઝંડી ફરકાવી. સાહસિક નાનુભાઈ હજીયે આ પ્રદેશમાં ભમે છે અને રેંટિયાનો પ્રચાર કરે છે. લક્ષ્મીદાસના ખાદી અને સ્વદેશી તથા ગ્રામોદ્યોગોના વિકાસની પૃષ્ઠભૂમિ પર રામેશ્વરમાં ખાદી કાર્યકર્તાઓની વ્યવસ્થિત શ્રેણી તૈયાર થઈ હતી. નાનુભાઈ ખંડુભાઈ દેસાઈ (પારડી, જિ.વલસાડના વતની) વનરાવન પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, જલુભાઈ નાયક, પન્નાલાલ પરીખ જેવા અણીશુદ્ધ ગાંધીવાદી કાર્યકરોએ દાયકાઓ સુધી ખાદી અને રચનાત્મક પ્રવૃતિઓથી રામેશ્વરાને ધબકતું રાખ્યું હતું. જેમાં પછાત નાયક જ્ઞાતિના જલુભાઈ નાયકે તો પોતાના બે દીકરા ખાદી ગ્રામોદ્યોગસંઘ રામેશ્વરાને સોંપી પેઢી દર પેઢી ગાંધીવાદી સંસ્કારોને જીવંત રાખવાનો સુંદર દાખલો પ્રસ્તુત કર્યો હતો."[૧૧]

શ્રી મોહનભાઈ રેવાશંકર વ્યાસ કે જેઓ મો.રે.વ્યાસના હુલામણા નામથી પણ જાણીતા હતા. રામેશરા મુકામે ખાદી પ્રવૃત્તિઓનો ક્રમશઃ ઈતિહાસ જણાવતા તેઓ જણાવે છે તેમ, "રામેશરા ગામને એક પવિત્ર ભૂમિ હું માનું છું, કારણકે રામેશરા ગામની ભૂમિ સેવાકીય ભૂમિ છે કે જે ગામને અને આજુબાજુના ગામોને ૭૦ થી ૭૫ વર્ષ પહેલાં માંડી આજ સુધી એક પછી એક પ્રખર સેવાભાવી અને નિષ્ઠાવાન કાર્યકર મળ્યા છે. આજથી ૭૦ થી ૭૫ વર્ષ પહેલાં કચ્છની લવાણા જ્ઞાતિના શ્રી પ.પૂ. લક્ષ્મીદાસ પરસોત્તમદાસ આસર કે જેઓનો તેજાનાનો ધંધો તે સમયે કાલીકટમાં હતો, પરંતુ પૂજ્ય મહાત્મા ગાંધીના સ્વરાજ મેળવવા હાકલ થતાં તેઓ પોતાનો ધંધો-રોજગાર છોડીને ગાંધીજીના આશ્રમમાં આવ્યા અને પૂજ્ય બાપુને પોતાના વિચારો જણાવ્યા. તેઓશ્રીને સેવાકીય પ્રવૃતિઓ માટે પૂ. ઠક્કરબાપાને દાહોદ ભીલ સેવા મંડળમાં મળવા જણાવ્યું. પૂજ્ય ઠક્કરબાપાએ તેઓશ્રીને રામેશરા મોકલ્યા અને ધર્મશાળામાં તેઓશ્રી તેમની પત્ની સાથે મુકામ બનાવી ગ્રામ સફાઈ, પ્રાર્થના, ખાદીકામ ચાલુ કર્યું અને ગામના ખેડૂતોનું દેવું માફ કરી ગામમાં ગામની એક દુકાન ચાલુ કરી અને બારમા-તેરમાની પ્રથા બંધ કરવા જણાવ્યું. આ પ્રમાણે સેવાકીય પ્રવૃત્તિ ચાલુ કરી, પરંતુ થોડા વર્ષો બાદ એક ખેડૂતે પોતાના પિતાની પાછળ બારમું-તેરમું કરવા નક્કી કર્યું અને પછી દાદા ગામ છોડીને બારડોલી ચાલ્યા ગયા. ત્યાર પછી ખેડા જિલ્લાના ચાંગા ગામના શ્રી વાઘજીભાઈ મોતીભાઈ પટેલ આવ્યા અને બ્રિટીશ સરકારની પોલીસ જે અત્રે રહેતી હતી તેણે એક ખેડૂત જે અહી રહેતો હતો તેને માર્યો. તેથી શ્રી વાઘજીભાઈ પાસે આ ખેડૂતે દાદ માંગી અને શ્રી વાઘજીભાઈએ પેલા મારનાર પોલીસને ઠપકો આપતાં પોલીસે ઉશ્કેરાઈને શ્રી વાઘજીભાઈ ઉપર ગોળીબાર કર્યો અને શ્રી વાઘજીભાઈ

શહીદ થયા. જેઓશ્રીનું સ્મારક હાલોલમાં ટાઉનહોલ ઉપરનું ટાવર છે. તે પછી નવસારી જિલ્લાના પારડી ગામથી શ્રી નાનુંભાઈ ખડુંભાઈ દેસાઈ આવ્યા. તેઓ આ જિલ્લાના સંનિષ્ઠ કાર્યકર હતા. તેઓશ્રીની હાજરીમાં શ્રી પનાલાલ કાકા (શ્રી પનાલાલ માણેકલાલ પરીખ) રામેશરામાં આવ્યા અને જનતાની સેવા કરવા લાગ્યા. તેમણે છેલ્લા લોકલ બોર્ડના પ્રમુખ તરીકે સેવા આપેલી. તેઓશ્રીએ આખું જીવન લોકોની સેવા કરી અને મૃત્યુ પહેલાં પોતાની તમામ મિલકતનું ટ્રસ્ટ બનાવીને સમાજને અર્પણ કરી. આવા સેવાભાવી મહાનુભાવો રામેશરા અને આ વિભાગને મળ્યા છે."[૧૨]

રામેશરા ઉપરાંત પંચમહાલના ભમરિયા (તા.હાલોલ) ખાતે પણ લક્ષ્મીદાસ આશરના નેતૃત્વમાં ખાદી પ્રવૃત્તિઓ થઇ હતી. આ બન્ને કેન્દ્રોની નોંધ લઇ નવજીવનમાં તેનો અહેવાલ આ મુજબ આપેલ છે : ભાઈ લક્ષ્મીદાસ ખાદીમંડળના વહીવટ નીચે ગુજરાતમાં ઉત્પન્ન થતી ને તેની જાણમાં આવતી ખાદીનો અહેવાલ નીચે પ્રમાણે મોકલી આપે છે. ચાલુ સાલના માગશરની આખરે પુરા થતા ગુજરાત ખાદી મંડળના છ મહિનાના કામનો અહેવાલ નીચે પ્રમાણે છે :

નીચેની બે રીતે પેદા થતી ખાદીને વીસીએ વારે અડધા આનાની મદદ આપવાનું મંડળે સ્વીકાર્યું હતું. વીસીએ વાર એટલે ૩૨૦ વાર સૂતર, પણ સરેરાશ ૩૦૦ વારની ગણાય.

૧. જાતે પહેરવા માટે કંતાએલા ઘરગથ્થું સૂતરને વણાવી આપવાની વ્યવસ્થા સાચવનારને ; અને

૨. રૂથી માંડી ખાદી વેચવા સુધીનું કામ પોતાને જોખમે કરનાર ખાદી બનાવનાર વેપારીને.

આ બંને રીતે કામ કરનાર મથકોની જિલ્લાવાર તપસીલ નીચે પ્રમાણે છે.

અમદાવાદ જિલ્લો - કચ્છ માંડવી, બીજાપુર, અમદાવાદ મજૂર ઉદ્યોગગૃહ, નારોલ અને સત્યાગ્રહાશ્રમ, સાબરમતી

ખેડા જિલ્લો - નડિયાદ બે મથક, ધર્મજ, પેટલાદ, નાપાડ, કઠલાલ, મહુધા, અલીણા, મહેલજ, પાળજ, ભાદરણ અને ખંભાત

પંચમહાલ જિલ્લો - પંચમહાલ જિલ્લો - રામેશરા અને ભમરિયા

ભરૂચ જિલ્લો - ભરૂચ અને રાહાડ

સુરત જિલ્લો - સુરત ખાદી મંદિર, બારડોલી, સરભણ, વરાડ, વેડછી, અલગઢ અને કરાડી મટવાડ

આ પ્રમાણે નાનાં મોટાં મથકોની સંખ્યા ૨૮ની છે અને તેમાં રોકાયેલા કામદારોની સંખ્યા ૫૦ છે. તેમાંના બીજાપુર મથક સિવાયના ૨૭ મથકોનો ખાદી કાર્યનો અહેવાલ નીચે પ્રમાણે છે.[૧૩]

| ચોરસ વાર | | | | |
|---|---|---|---|---|
| માસ | ઘરગથ્થું | વેપારી | અર્ધા આનાની મદદ નથી અપાતી તેવી તૈયાર ખરીદેલા સૂતરની વણેલી | કુલ |
| અષાઢ | ૨૫૫૩ | ૧૦૪ | ૭૬૯ | ૩૪૨૬ |
| શ્રાવણ | ૨૨૪૧ | ૧૧૮ | ૯૨૬ | ૩૨૮૫ |
| ભાદરવો | ૨૨૪૫ | ૫૩૩ | ૧૫૩ | ૨૯૩૨ |
| આસો | ૩૦૯૨ | ૧૫૬૯ | ૨૪૭ | ૪૯૦૯ |
| કાર્તિક | ૩૨૪૮ | ૧૩૩૬ | ૧૧૬૭ | ૫૭૫૧ |
| માગશર | ૩૨૬૩ | ૧૯૨૮ | ૨૮૪ | ૫૪૭૬ |
| | ૧૬૬૪૪ | ૫૫૯૦ | ૩૫૪૭ | ૨૫૭૮ |

ટૂંકમાં ઉપરોક્ત માહિતી પરથી કહી શકાય કે, ગુજરાતમાં મર્યાદિત સ્થાનોમાં તેમજ ઓછા લોકોથી ચાલતી ખાદી કામની પ્રવૃત્તિઓએ ભાવિ ખાદી તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓ માટે પ્રેરક જરૂર બની હશે.

લક્ષ્મીદાસ આશર રામેશરા છોડે છે તેવી નોંધ નવજીવનમાંથી મળે છે. તેમાં જણાવ્યું છે કે, "રામેશરા આજકાલ ગુજરાતના ઇતિહાસમાં પ્રસિદ્ધ થયેલું છે. તે લક્ષ્મીદાસ ભાઈના ખેડૂતોની સ્થિતિ સુધારવાના જબરદસ્ત અખતરાને લીધે. બે ત્રણ વર્ષ ત્યાં ખાદી પ્રચાર, દારૂ નિષેધ, નાતવરા નિષેધ કરવાના પ્રયોગ કરી, એવી રીતે સુધરેલા ખેડૂતોને પ્રાંતિક સમિતિ પાસે વગર વ્યાજે નાણાં ધીરાવી ઋણમુક્ત કરવાનો અખતરો કરી લક્ષ્મીદાસ ભાઈએ રામેશરા છોડ્યું. બે-એક વર્ષ રામેશરામાં કામ સરસ ચાલ્યું, પણ પાછળથી દેશના જેવી શિથિલતા ત્યાંયે આવી. ત્યાંયે રેંટીયાનો રણકાર ઘર ઘરમાં થતો હતો તે બંધ પડ્યો. એ ક્ષેત્રમાં પોતાના એક પ્રતિનિધિ તરીકે નાનુભાઈ દેસાઈને લક્ષ્મીદાસ મૂકી આવ્યા છે."[૧૪]

ઉપરોક્ત નોંધ પરથી સમજી શકાય છે કે રામેશરા મુકામે ચાલતી ખાદીની પ્રવૃત્તિઓ બંધ પડી હતી, પરંતુ આ પ્રવૃત્તિઓ પુનઃ શરુ થઇ હોય તેવો ઉલ્લેખ નવજીવનમાંથી મળી રહે છે. તેમાં જણાવ્યું હતું કે, "ખાદીકામ સાથે સુધારણાનું કામ કાળીપરજ વિભાગમાં વેછડી મથકે અને બારૈયા તથા નાયક વર્ગના રામેશરા મથકે ચાલુ છે. બંને વિભાગમાં દારૂની બદી ઘટી છે. ખાદીની પ્રવૃત્તિ બંને વિભાગમાં કાયમી બની છે. રામેશરા વિભાગમાં બારૈયા કોમ કરજ કરીને કારજ કરતાં અટકી છે. વેડછી વિભાગમાં પ્રવૃત્તિએ ઠીક વ્યાપક સ્વરૂપ પકડ્યું છે, જયારે રામેશરા વિભાગમાં હીમથી કપાસનું વાવેતર બળી જવાને લીધે પ્રવૃત્તિ આગળ વધતી અટકી છે. બંને વિભાગમાં કાંતનાર જાતે જ પીંજે છે અને વણવાનું કામ કાળીપરજના ૧૨ ભાઈઓ

તથા રામેશરામાં નાયક અને બારૈયા વર્ગના ૧૦ ભાઈઓ કામ કરતા થઈ ગયા છે."[૧૫]

ટૂંકમાં કહીએ તો, હાલોલ તાલુકાનું નાનકડું રામેશરા ગામ અને ત્યાં દસેક નાયક તેમજ બારૈયા કોમના વ્યક્તિઓ પાસે ખાદી કામ પ્રવૃત્તિ દ્વારા તેમની આર્થિક તેમજ સામાજિક સ્થિતિ સુધારવાનો યથાયોગ્ય પ્રયાસ લક્ષ્મીદાસ આશર દ્વારા કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં ખાદી મંડળ દ્વારા તમામ ખાદી કેન્દ્રોનો માસિક અહેવાલ તૈયાર કરવામાં આવતો હતો. ૧૯મી ડિસેમ્બર, ૧૯૨૬ના રોજ નવજીવનમાં પ્રસિદ્ધ ખાદી મંડળનો અહેવાલ લક્ષ્મીદાસ આશર દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તેમાં તેઓ જણાવે છે તેમ, "ખાદી બનાવનાર મથકોનું નિરીક્ષણ દર મહિને મંડળ તરફથી કરવામાં આવે છે અને તેઓએ બનાવેલી ખાદી તપાસીને મદદ ચૂકવવામાં આવે છે. અ માસિક તપાસનો અહેવાલ દર માસે બધાં મથકોને પહોંચાડવામાં આવે છે. તપાસ દરમિયાન નજરે આવતી ખામીઓ ટાળવાના ઉપાયો વખતોવખત સૂચવવામાં આવે છે."[૧૬]

આઝાદી પૂર્વે રામેશરામાં ખાદી પ્રવૃત્તિઓ થકી નાયક, બારિયા વગેરે પછાત કોમોની આર્થિક સ્થિતિ સુધારવા સવિશેષ પ્રયત્ન જો કોઈનો હોય તો તે છે, લક્ષ્મીદાસ આસર. રામેશરામાં ખાદી પ્રવૃત્તિઓ થકી જેમણે પોતાના વૈભવશાળી જીવનને ત્યજી દઈને સ્થાનિક નાયક, બારિયા જ્ઞાતિઓના ઉદ્ધાર માટે પોતાનું જીવન સમર્પિત કર્યું તેવા લક્ષ્મીદાસ પુરુષોત્તમ આસરનો જીવન પરિચય આપતાં અરુણ વાઘેલા નોંધે છે કે, "તેઓનો જન્મ ઈ.સ. ૧૮૮૩માં અમદાવાદમાં થયો હતો. તેમના પિતાનો મલબારમાં મરીમસાલા, તેજાનાનો વારસાગત ધંધો હતો. ૧૯૧૯માં ગાંધીપ્રભાવમાં વારસાગત ધંધો છોડી ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાયા. તેમની વિશેષ ઓળખાણ ખાદી સેવક તરીકે ઊભી થઈ હતી. પાવાગઢ પાસે રામેશરામાં આશ્રમ સ્થાપ્યો."[૧૭]

તેમના વિશે છગનલાલ જોશી નોંધે છે કે, "સુખી ગૃહસ્થ જીવરામ કલ્યાણજી કોઠારીએ મને યાદ છે તે પ્રમાણે લાખ રૂપિયા ગાંધીજીને ચરણે ધર્યા હતા. અને એ રકમ ગાંધીજીની મુનસૂફી પ્રમાણે વાપરવા તેમણે વિનવ્યું હતું. ગાંધીજીએ આ રકમ ગુજરાતમાં કેમ વાપરવી તેની ચર્ચા કરી.સરદારશ્રીએ આ લાખ રૂપિયાની આખી રકમ પોતાના સાથી લક્ષ્મીદાસ આશરને પંચમહાલમાં જઈ પાવાગઢની તળેટીમાં આવેલા રામેશરામાં પછાત કોમની ઉન્નતિ માટે સોંપ્યા. ભાટીયા કોમના કાલીકટના મોટા વેપારી લક્ષ્મીદાસભાઈએ બધો વૈભવ છોડીને રામેશરા સહકુટુંબ રહેવા ગયા. અને ગામને કરજ મુક્ત કરવા તથા સ્વાવલંબી બનાવવા માટે મથ્યા."[૧૮]

રામેશરામાં સ્થાપી થતા પહેલાં તેઓ ઠક્કરબાપાના પરિચયમાં આવ્યા. રામેશરાની ધર્મશાળા પાસે ઝૂંપડું બાંધી સેવાયજ્ઞની શરૂઆત કરી. રામેશરાને ગાંધીજીની કલ્પના મુજબનું ગામડું બનાવવાની તેમની મહેચ્છા હતી. નિયમિત પ્રાર્થના, ગ્રામસફાઈ, કરજમુક્ત સમાજ, સામાજિક કુરિવાજોને નાથવા હદય પરિવર્તનના સિદ્ધાંત પર રીતસર ચળવળ ચલાવી. પોતાની સમાજ સુધારાની મનોકામના ન સંતોષાતા આત્મઘાત કરવાનો પ્રયાસ કર્યો,

રામેશરા છોડ્યું હોવાની અનુશ્રુતિ રામેશરા વિસ્તારમાં પ્રચલિત છે. લક્ષ્મીદાસ આશરનું વિશેષ કાર્યક્ષેત્ર ખાદી પ્રવૃત્તિ હતું. પાવાગઢ પંથકના નાયક અને બારૈયા (બારિયા) પ્રજાને ખાદીના માધ્યમથી આર્થિક સ્વનિર્ભરતાનો વિચાર આપ્યો. પીંજવાની પૂણીઓ બનાવવી, બારડોલીથી ચરખા લાવી ગામને કાંતણની કળા શીખવાડી. અતિપછાત નાયક આદિવાસીઓને ખાદી થકી કરજમુક્ત, સ્વાવલંબનનું સૂત્ર આપ્યું. લક્ષ્મીદાસના રામેશરામાં મુકામ દરમ્યાન એક પણ ઘર એવું ન હતું કે જ્યાં રેંટિયા ગુંજતો ન હોય. ખાદી વિજ્ઞાનમાં તેમણે પીંજણ મોઢીયું નામનું યંત્ર શોધ્યું હતું.[૧૯]

લક્ષ્મીદાસના ખાદી કાર્યના વખાણ કરતાં ગાંધીજી કહે છે : "શ્રી લક્ષ્મીદાસને હું ખાદી વિશારદ તો ન માનું પણ આપણી પાસે એ શાસ્ત્રનું જ્ઞાન ધરાવનારા જે છે તેમાં પ્રથમ પંક્તિના સેવકોમાંના એક છે."[૨૦] અત્રે એ બાબત પણ નોંધવા જેવી છે કે, રામેશરા જેવા ગુજરાતના નાનકડા ગામમાં ખાદી પ્રવૃત્તિ સાથે સંકલાયેલ પાયાના કાર્યકરનું ગાંધીજી પોતાના જ પરિવારના એક અંગત સભ્યની જેમ ધ્યાન રાખતા હોય તેવું તેમના શબ્દો પરથી કહી શકાય.

અરુણ વાઘેલાના મત મુજબ, "લક્ષ્મીદાસ અને રામેશરા ગામની ખાદી પ્રવૃતિઓ પંચમહાલમાં જ નહી સમગ્ર ગુજરાત માટે નમૂનારૂપ બની હતી. ગુજરાતમાં થતાં ખાદીના પ્રયોગો અને વિકાસમાં રામેશરા આશ્રમની ખાદીપ્રવૃત્તિનો વિશેષ ઉલ્લેખ થતો. ગામ લોકોમાં કરજમુક્તિ માટે મકકમતાનો અભાવ, સામાજિક કુરિવાજોની નાબૂદીને વ્યાપક પ્રતિસાદ ન મળતા તેમણે રામેશરા છોડ્યું, અને બારડોલી આશ્રમમાં સ્થાયી થયા. ચરખાસંઘની સ્થાપના થતા તેના વ્યવસ્થાપક મંડળના સભ્ય રહ્યાં હતા. તે ઉપરાંત દાંડીકુચની વ્યવસ્થાપક સમિતિ અને ગાંધી સ્મારકનિધિના તેઓ મંત્રી રહ્યાં હતા. સ્વતંત્રતા સૈનિક એ તેમના વ્યક્તિત્વનું વધુ એક પાસું હતું. બારડોલી આશ્રમ જપ્ત થયો ત્યારે (૧૯૨૮) વ્યક્તિ સત્યાગ્રહ અને હિંદ છોડો લડતમાં તેમણે જેલવાસ ભોગવ્યો હતો. સંકટનિવારણ પણ તેમની ખાસ પ્રવૃત્તિ રહી હતી."[૨૧]

લક્ષ્મીદાસ આશરને સ્થાનિક લોકો દાદા તરીકે પણ બોલાવતા હતા. તેઓએ રામેશરા વિસ્તારમાં ખાદી તેમજ અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓ થકી અનેક લોકોને કરજની પરિસ્થિતિમાંથી લાવ્યા હતા. આ બાબતે નવજીવનમાં નાથા પટેલ નામની વ્યક્તિના શબ્દોમાં માહિતી મળે છે : "શું કહું, ભાઈ. દાદા (લક્ષ્મીદાસ) આવ્યા ને જાણે અમારે તો ભગવાન આવ્યા. અમે અનેક પાપોમાં કરજમાં ડૂબેલા હતા. અમારા ગળામાં ફાંસી પડેલી હતી. દાદાએ અમને ફાંસીને લાક્ડેથી ઉતાર્યા. આજે અમને કોઈ જાતનું દુઃખ છે?"[૨૨]

રામેશરામાં થતી ખાદી પ્રવૃત્તિઓની નોંધ લેતાં ગાંધીજીએ મૂળ નવજીવન (તા.૧૪/૦૨/૧૯૨૬) પરથી "ગાંધીજીનો અક્ષરદેહ"માં નોંધ્યું છે : " ભાઈ લક્ષ્મીદાસ ખાદીમંડળના વહીવટ માટે ગુજરાતમાં ઉત્પન્ન થતી ને તેની જાણમાં આવતી ખાદીનો હેવાલ નીચે પ્રમાણે આપે છે. આ હેવાલમાં કાઠિયાવાડના આંકડા નથી આવી જતા. તે

મેળવીએ તો ઉત્પાદન હજુ વધે. આ આંકડાઓ બતાવે છે કે ખાદીની પ્રવૃત્તિ જીવતી ને વધતી જતી હતી, પણ આપણું ધ્યેય નજર રાખીએ છીએ ત્યારે આપણને ઉપરના આંકડા નજીવા લાગે છે. એમ છતાં નજીવા આંકડામાં જો બીજ સાચું હશે ને તેનું સિંચન થશે તો તે ચેતનમય થઇ જતાં સમય નહી જાય...........................ખાદીનું કામ પૌષ્ટિક છે પણ પૌષ્ટિક ખોરાકની જેમ તેનો સ્વાદ જીભને સારું નથી. તેનો સ્વાદ પુષ્ટિમાં રહેલો છે. જેટલી ખાદી વધારે ઉત્પન્ન થાય તેટલી હિન્દુસ્તાનની પુષ્ટિ વધે. તેમાં અપચો તો થાય જ નહીં. તેમાં કાર્ય કરનારને તાત્કાલિક પરિણામ નાનુંસરખું લાગે, પણ જેમ આંબાનું ઝાડ નાનામાંથી મોટું થયે હજારો કેરીઓ આપે છે તેમ ધૈર્ય રાખી કામ કરનાર સેવકને પોતાના નાના લાગતા કાર્યમાંથી છેવટનું અત્યુત્તમ પરિણામ જોવાનો લાભ મળવાનો છે જ."[૨૩]

**સમાપન** :

મધ્ય ગુજરાતમાં ખાસ કરીને પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર વગેરે વિસ્તારોમાં વસવાટ કરતા નાયક આદિવાસીઓના સમાજજીવનમાં પરિવર્તન લાવવા ગાંધીયુગમાં થયેલ વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ થકી અથાગ પ્રયાસો થયેલા છે. તેમાં રામેશરા કેન્દ્ર એ મહત્વનો ફાળો આપ્યો કહી શકાય. ઉલ્લેખનીય છે કે, આઝાદી પછી રામેશરાની ધૂરા શ્રી મો.રે.વ્યાસે સાંભળી હતી. તેઓનું મૂળ વતન પાટણ જિલ્લાનું ચંદ્રુમાણા ગામ. પાટણથી છેક પંચમહાલ જિલ્લાના હાલોલના રામેશરા પાસે કાયમી વસવાટ કરી તેઓએ આસપાસના ગામડાંઓના નાયક, બારિયા વગેરે લોકોને ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓના રંગે રંગ્યા હતા. શ્રી મો.રે.વ્યાસની ગાંધીવાદી પ્રવૃત્તિઓ પર એક સ્વતંત્ર શોધકાર્યની આવશ્ક્યતાઓ પણ રહેલી છે.

**પાદનોંધ**

૧. મોહનદાસ કરમચંદ ગાંધી, રચનાત્મક કાર્યક્રમ તેનું રહસ્ય અને સ્થાન, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૪૧, પૃ.૫

૨. કમલેશ પટેલ, દક્ષિણ ગુજરાતમાં ગાંધીવાદી સંસ્થાઓની રચનાત્મક પ્રવૃત્તિઓ (ઈ.સ. ૧૯૨૧ થી ૧૯૭૩ સુધી), ડૉ.કમલેશ પટેલ (પ્રકાશક), વિસનગર, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૧, પૃ.૬-૭

૩. એજન, પૃ.૭

૪. રમણ મોદી, રચનાત્મક કાર્યક્રમનું સામાજિક દર્શન, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૭૭, પૃ. ૧૫૮

૫. મોહનદાસ કરમચંદ ગાંધી, પૂર્વોક્ત (૧), પૃ.૩૬-૩૭

૬. એજન, પૃ.૧૪

૭. ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ (અનુ.), રાજેન્દ્રપ્રસાદ(લે.), રચનાત્મક કાર્યક્રમ, કેટલીક સૂચનાઓ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, બીજી આવૃત્તિ, ૧૯૪૩, પૃ.૧૨

૮. ગાંધીજીનો અક્ષરદેહ (મહાત્મા ગાંધીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ), ગ્રંથ-૨૫, ઓગસ્ટ, ૧૯૨૪ થી જાન્યુઆરી, ૧૯૨૫, 'પંચમહાલમાં ગાંધીજી' નામનો ૨ જાન્યુઆરી,

૧૯૨૫નો પત્ર, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૨, પૃ. ૪૯૮

૯. અરુણ વાઘેલા, પંચમહાલ જિલ્લામાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ અને સ્વાતંત્ર્ય સૈનિકો, જ્યોતિ વાઘેલા (પ્રકાશક), અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૭, પૃ.૨૯

૧૦. એજન, પૃ.૩૨

૧૧. એજન, પૃ.૩૩

૧૨. શ્રી પનાલાલ માણેકલાલ પરીખ સાર્વજનિક હાઇસ્કૂલના સમારોહ પ્રસંગે તા.૦૫/૦૨/૨૦૦૮ના રોજ શ્રી મો.રે.વ્યાસે આપેલ ભાષણમાંથી

૧૩. નવજીવન, તા. ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૨૬, પૃ. ૧૮૭

૧૪. એજન, પૃ. ૧૯૦

૧૫. નવજીવન, ૧૯મી ડિસેમ્બર, ૧૯૨૬, પૃ.૧૨૧-૧૨૨

૧૬. એજન, પૃ.૧૨૨

૧૭. અરુણ વાઘેલા, પૂર્વોક્ત (૯), પૃ.૮૨

૧૮. છગનલાલ જોશી, સરદારની આત્મીયતા, અમદાવાદ, ૧૯૭૬, પૃ.૯૧

૧૯. અરુણ વાઘેલા, પૂર્વોક્ત (૯), પૃ.૮૨

૨૦. ભારતન કુમારપ્પા (સંપાદક), ખાદી શા માટે ?, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,૧૯૬૨, પૃ. ૨૫૩

૨૧. અરુણ વાઘેલા, પૂર્વોક્ત (૯), પૃ.૮૩

૨૨. નવજીવન, પૂર્વોક્ત (૧૨), પૃ. ૧૯૧ પરનો મહાદેવ હરિભાઈ દેસાઈનો લેખ

૨૩. ગાંધીજીનો અક્ષરદેહ (મહાત્મા ગાંધીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ), ગ્રંથ ૩૦, ફેબ્રુઆરી, ૧૯૨૬ થી જૂન ૧૯૨૬, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, જુલાઈ, ૧૯૭૩, પૃ. ૧૭